ક્રમાંક: મઉમશબ/હિસાબી/ ૦૨
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર
તા.૦૨/૦૪/૨૦૧૩

પ્રતિ,
જિલ્લાશિક્ષણઅધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય : બોર્ડની જાહેર પરીક્ષાના મહેનતાણાંના દર માં સ્પષ્ટીકરણ બાબત**
**સંદર્ભ : તા-૧૪/૨/૨૦૧૩ના પત્ર ક્રમાંક: મઉમશબ/હિસાબી/ ૨૪૬૮**

આથી ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ઉક્ત સંદર્ભ દ્વારા અત્રેની કચેરી દ્વારા બોર્ડની જાહેર પરીક્ષાના મહેનતાણા દરમાં સુધારા કરવામાં આવેલ જેમાં નીચે મુજબનું સ્પષ્ટીકરણ ધ્યાને લેવું.

ઝોનલ કચેરીનું મહેકમ અને મહેનતાણાંના માર્ચ-૨૦૧૩ની સુધારેલ દર માં ક્રમ-૫ માં પ્રશ્નપત્રકેન્દ્ર/સ્થળ ઉપર મોકલવાનાં સરકારી પ્રતિનિધિ માટે વિગતનાં કોલમમાં દર્શાવેલ ફક્ત પરીક્ષાનાં દિવસો દરમિયાન તથા કોર્પોરેશન વિસ્તારમાં દૈનિક ભથ્થુ મળવાપાત્ર ના હોય તો અને ફરજ બજાવી હોય તે માટે દૈનિક રૂ.૯૦/- ભથ્થું એમ દર્શાવેલ છે તેમાં નીચે મુજબ સુધારો વાંચવાનો રહેશે તેમ જણાવવાનું થાય.

બોર્ડની માર્ચ-૨૦૧૩ની પરીક્ષામાં ઝોનલ કચેરી પરીક્ષા દરમિયાન કામગીરી કરતાં મહાનગરપાલિકા(કોર્પોરેશન) વિસ્તારમાં સ્થાનિક કર્મચારીઓ કે જેમને ટી.એ/ડી.એ મળવાપાત્ર નથી. તેમને આવવા જવાના ખર્ચને પહોચી વળવા પ્રતિદિન રૂ.૯૦/- લેખે ચુકવવાના રહેશે.પરંતુ પોતાની શાળા કે નોકરીના સ્થળે પરીક્ષાની ફરજ બજાવતાં હોય તેમને મળવાપાત્ર થશે નહી. જેની પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓએ નોંધ લેવી.

મ. મૂ. પર કામ કરતા પરીક્ષકો કે જેઓ ફીક્સ પગારમાં છે. તથા સ્વનિર્ભર શાળામાંથી આવતા પરીક્ષકો કે જેઓને સંસ્થા તરફથી છઠ્ઠા પગારપંચ મુજબ ગ્રેડ પે + પે બેન્ડ સાથેનું પગારનું પ્રમાણપત્ર આપવામાં આવ્યુ નથી. તેવા કિસ્સામાં નાણાં વિભાગના તા. 03-૧૦-૨૦૧૨ ના ઠરાવક્રમાંક PGR/1009/11/Pay Cell (CH) અનુસાર ૧૮૦૦ થી ઓછા ગ્રેડ પે સામે દર્શાવેલ રકમ દૈનિક ભથ્થા તરીકે કામના કલાકો ધ્યાને રાખીને નીચે મુજબના દરો ચૂકવવાના રહેશે.

| અન્ય સ્થળો | વડોદરા / સુરત | અમદાવાદ |
|---|---|---|
| રૂ. ૧૧૦/- | રૂ. ૧૪૦/- | રૂ. ૧૭૦/- |

સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના :- (૧) અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ. ગાંધીનગર.
(૨) નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ. ગાંધીનગર.
(૩) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, વડોદરા.
(૪) કંટ્રોલર ઓફ એકાઉન્ટ અધિકારી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ. ગાંધીનગર.
(૫) સંયુક્ત સચિવશ્રી, વડોદરા.
(૬) હિસાબી અધિકારી શાખા, ગાંધીનગર.
(૭) મહેકમ શાખા, ગાંધીનગર – વડોદરા.